Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેકશન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૨૩ ● સળંગ અંક : ૧૦૧૨ ● પ્રકાશિત તા-૩-૫-૨૦૨૪,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, જામનગરમાં જાહેર સભાઓને સંબોધી

# સતત બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઝંઝાવાતી ચૂંટણીપ્રચાર








આણંદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બીજા દિવસે ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણીપ્રચાર કરી ૪ સ્થળોએ જાહેર સભાઓને સંબોધી હતી. ચારે સ્થળો ઉપર તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરવા ઉપરાંત ભાવિ યોજનાઓથી લોકોને માહિતગાર કર્યા હતા. અસહ્ય ગરમી વચ્ચે પણ ચારે સ્થળો ઉપર મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, જામનગરમાં સભાને સંબોધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસથી ચેતતા રહેવાની જરૂર છે. ઓબીસીની અનામતમાં કાપ મૂકીને મુસ્લિમોને અનામત આપી છે. એટલું જ નહીં પરંતુ કોંગ્રેસની નબળા દેખાવથી પાકિસ્તાનમાં માતમ છવાયેલો છે. આજે જામનગરની સભામાં તેમણે ક્ષત્રિયો વિશે પણ જણાવ્યું હતું અને કહ્યું હતું કે, ક્ષત્રિયો સમાજના બલિદાન આગળ મારા પદની કોઈ કિંમત જ નથી. કોંગ્રેસના મેનિફેસ્ટો અનામત સહિતના મુદ્દે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં મોદીએ જણાવ્યું હતું કે, મને પૂરો વિશ્વાસ છે કે, ગુજરાતની તમામ ૨૬ બેઠકો ભાજપને મળવાની છે પરંતુ મારે દરેક બુથ જીતવા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરમાં સભાને સંબોધતા પહેલા જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજાને મળવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને ત્યાં જામસાહેબે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાઘડી પહેરાવી હતી. ગુજરાતમાં આજે સાંજે તેમની ચારેય સભા પતાવી વડાપ્રધાન પશ્ચિમ બંગાળ જવા રવાના થયા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એન્ટ્રીથી ગુજરાતના ચૂંટણી પ્રચારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. ગુરૂવારે પ્રધાનમંત્રીની ચાર સભાનું ગુજરાતમાં આયોજન કરાયું હતું. જેમાં તેમણે પહેલા સભા સરદાર પટેલની કર્મભૂમિ આણંદ ખાતે સંબોધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વલ્લભવિદ્યાનગરમાં સભા કરી હતી. જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આણંદ અને ખેડા ચૂંટણીમાં બધા રેકોર્ડ તોડશે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ સરદાર સાહેબને પણ યાદ કર્યા. પણ આ ભૂમિ પરથી પીએમ મોદીએ કોંગ્રેસને ત્રણ પડકાર ફેંક્યા હતા. કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં દેશ અને ગરીબોને અન્યાય થયો. સાથે જ પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું કે, જે પાકિસ્તાનના હાથમાં બોંબ હતો આજે તેના હાથમાં ભીખનો કટોરો છે..તો કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે.સાથે જ તેમણે કહ્યું કે, કોંગ્રેસ સંવિધાનને બદલવા માંગે છે. કોંગ્રેસે એવી પણ ખાતરી આરી કે એસસી, એસટી, ઓબીસી, ઈડબલ્યુએસની અનામત ક્યાંય નહીં જાય..પીએમ મોદીએ જનતાને જંગી બહુમતિ સાથે મતદાન કરવા અપીલ કરી. તેમણે કહ્યું હતું કે, શાહજાદા હિમંત હોય તો આવી જાવ. સંવિધાનથી જીવવું અને સંવિધાનથી મરવું શીખવું હોય તો મોદી પાસે આવી જાવ. કોંગ્રેસ મારી ચેલેન્જનો નહીં સ્વીકાર કરે, કેમકે તેમની નિયતમાં ખોટ છે. ઈન્ડિયા ગઠબંધનની વધુ એક પોલ તેમના જ નેતાએ ખોલી દીધી છે. તેઓએ નારો આપ્યો કે વોટ જેહાદ કરો. ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વોટ જેહાદની વાત કરી સંવિધાનની વાત કરી. અત્યારસુધી લવ જેહાદ અને લેન્ડ જેહાદ સાંભળ્યું હતું, હવે વોટ જેહાદનો નારો લગાવી રહી છે. ઈન્ડી ગઠબંધનનો ઈરાદો ખુબ ખતરનાક છે. ગુજરાતમાં કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે અહીં કોંગ્રેસ મરી રહી છે, ત્યાં પાકિસ્તાન રડે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા. જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં કોંગ્રેસની સરકાર સત્તામાં હતી તે વર્ષોમાં પાકિસ્તાન મોટું થયું અને પાકિસ્તાનના આતંકવાદનું ટાયર પંચર થઈ ગયું છે. તેમણે કહ્યું કે જે દેશ એક સમયે આતંકવાદીઓની નિકાસ કરતો હતો તે દેશ હવે લોટની આયાત કરવા માટે ઘરે-ઘરે ભટકી રહ્યો છે, જેના હાથમાં એક સમયે બોમ્બ હતો તેના હાથમાં હવે ભીખ માંગવાનો કટોરો છે. કોંગ્રેસની નબળી સરકાર આતંકવાદના આકાઓને ડોઝિયર આપતી હતી, પરંતુ મોદીની મજબૂત સરકાર આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારી નાખે છે. રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંયોગ જુઓ, આજે ભારતમાં કોંગ્રેસ નબળી પડી રહી છે. મજા એ છે કે અહીં કોંગ્રેસ મરી રહી છે અને ત્યાં પાકિસ્તાન રડે છે. હવે પાકિસ્તાની નેતાઓ કોંગ્રેસ માટે પ્રાર્થના કરી રહ્યા છે. સાથે જ પાકિસ્તાન શહજાદાને વડાપ્રધાન બનાવવા માટે ઉત્સુક છે અને કોંગ્રેસ પાકિસ્તાનની ચાહક છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને કોંગ્રેસ વચ્ચેની આ ભાગીદારી હવે સંપૂર્ણ રીતે ખુલ્લી પડી ગઈ છે. સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો. સુરેન્દ્રનગરમાં જન સભા સંબોધીને કોંગ્રેસને આડે હાથે લેતા તેમણે કહ્યુ કે, કોંગ્રેસ લખીને બાંહેધરી આપે કે બાબાસાહેબ આંબેડકરે જે અનામત આપેલું છે એને ધર્મના આધાર પર દલિતો, આદિવાસીઓ, બક્ષીપંચ પાસેથી લૂંટીને મુસલમાનોને અનામત નહીં આપે. પીએમ મોદીએ લોકોનો હોંસલો વધારતાં જણાવ્યું કે, આ વખતે તમારે બધાએ મતદાનના તમામ રેકોર્ડ તોડી નાંખવાના છે. ૧૦ વાગ્યા પહેલા દરેક બૂથ પર જઈને ૨૫-૨૫ થાળી વગાડવી અને મતદાન કરવું. બધા પૉલિંગ બૂથ આપણે જીતવાના છે.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ
અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ
મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## હાઈપ્રોફાઈલ ગાંધીનગર બેઠક પર ૧૯૮૯થી ભાજપનો જ 'દબદબો'

# ગાંધીનગર બેઠક પર અમિત શાહની જીત નિશ્ચિત !!

અમદાવાદ : ગુજરાતમાં ગાંધીનગર લોકસભા સીટ હંમેશાથી હાઈપ્રોફાઈલ રહી છે. આ સીટ પર ૧૯૮૯થી ભારતીય જનતા પાર્ટીનો કબજો કર્યો છે. લાલકૃષ્ણ અડવાણી, અટલ બિહારી વાજપેયી અહીંથી સાંસદ રહી ચૂક્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાલમાં આ બેઠક પરથી સાંસદ છે. ચાલો સમજીએ કે શું છે ગાંધીનગરનું ચૂંટણી સમીકરણ?

ગાંધીનગર લોકસભા બેઠકમાં સાત વિધાનસભા સીટો ગાંધીનગર ઉત્તર, કલોલ, સાણંદ, ઘાટલોડિયા, નારણપુરા, વેજલપુર અને સાબરમતી આવે છે. તમામ બેઠકો પર ભાજપનો કબજો છે. જો આપણે વસ્તીની વાત કરીએ તો ૧૯,૪૫,૭૭૨ લોકો રહે છે, જેમાંથી મોટાભાગની વસ્તી શહેરોમાં રહે છે. જાતિગત સમીકરણ પર નજર કરીએ તો અહીં માત્ર ૧ ટકા લોકો જ એસટી કેટેગરીના છે, જ્યારે એસસીની વસ્તી ૧૧ ટકા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના અમિત શાહે કોંગ્રેસના ડૉ. સી.જે ચાવડાને ૫,૫૭,૦૧૪ મતોના માર્જિનથી હરાવ્યા હતા.

ભાજપમાં PM મોદી પછી બીજા સૌથી તાકાતવર નેતા ગણાતા અમિત શાહ ફરી એકવાર ગાંધીનગર લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેમની સામે કોંગ્રેસે સોનલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. દેશના ગૃહમંત્રી બન્યા બાદ પણ અમિત શાહે પોતાના સંસદીય ક્ષેત્રમાં સતત હાજરીનો અહેસાસ કરાવ્યો હતો. તેમણે આ સંસદીય ક્ષેત્રમાંથી રાજકારણની શરૂઆત કરી હતી. અમિત શાહ એક બૂથ લેવલના કાર્યકર્તાથી લઈને ધારાસભ્ય, ગૃહ રાજ્યમંત્રી, પછી સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીની સફરથી દરેક વ્યક્તિ વાકેફ છે.

કોંગ્રેસે અમિત શાહ સામે સોનલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના સચિવ છે. તેમની પાસે મુંબઈ અને પશ્ચિમ મહારાષ્ટ્રના કોંગ્રેસના સહ-પ્રભારીની જવાબદારી પણ છે. વ્યવસાયે આર્કિટેક્ટ સોનલ પટેલ સાદગી સાથે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તેઓ પોતાની ઈનોવા કાર અને કેટલાક કાર્યકરો સાથે દરેક વિસ્તારમાં જઈને જનસંપર્ક કરી રહ્યા છે.

ગુજરાતની રાજધાની ગાંધીનગર ૧૯૬૭માં લોકસભા બની હતી.૧૯૭૭ની ચૂંટણી સિવાય કોંગ્રેસ પાંચમાંથી ચાર ચૂંટણી જીતી હતી.આ બેઠક કોંગ્રેસના ગઢ તરીકે ઉભરી હતી, પરંતુ ૧૯૮૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસના ઉમેદવાર કોકિલા વ્યાસને હરાવીને પહેલીવાર કમળ ખીલાવ્યું. આ પછી ગુજરાતમાં ગાંધીનગર ભાજપનું શક્તિનું કેન્દ્ર બન્યું. ત્યારપછીની ચૂંટણીમાં ભાજપના કદ્દાવર નેતા લાલકૃષ્ણ અડવાણી અહીંથી પહેલીવાર જીતીને લોકસભામાં પહોંચ્યા હતા.

## એક જાગૃત અને જવાબદાર નાગરિક તરીકેની આપણી ફરજ અદા કરીએ...મતદાન જરૂરથી કરીએ...

(માનવ જોષી દ્વારા) અમદાવાદ : ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે અને આપણી સમજશક્તિને ભ્રમિત કરે તેવી લોભામણી જાહેરાતો સાથે અનેક પક્ષો આપણી આસપાસ તાંડવ કરી રહ્યા છે ત્યારે લોકસભાની ચૂંટણી આપણા દેશનું ભાવિ નક્કી કરશે એ આપણે ભૂલવું ના જોઈએ.

ગાંધીનગર લોકસભાની ચુંટણીની વાત કરીએ તો આપણા દેશના ગૃહમંત્રી શ્રી અમિત શાહ ફરી એકવાર આવનાર ચૂંટણીમાં ગાંધીનગર સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. એક જાગૃત નાગરિક તરીકે આપણી ફરજ છે આપણે એ ના ભૂલીએ કે અમિત શાહ ભલે દેશના ગૃહમંત્રી છે પરંતુ તેઓની હરહંમેશ આપણા વચ્ચે રહેતા અને આપણા પોતાના ગણાતા રાજકીય નેતા તરીકેની અનુભુતિ થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી તરીકે અમિત શાહે પોતાના કાર્યકાળમાં જે અસંભવ કાર્ય કરવામાં આવ્યા છે તે જ પૂરતા છે તેમની જીત માટે, પરંતુ આપણી યાદશક્તિ જો નબળી હોય તો યાદ રહે કે આર્ટિકલ ૩૭૦ હટાવવું, પુલવામાં હુમલાનો જડબા તોડ જવાબ આપવો, પૂર્વ ભારતમાં માઓવાદીઓનો સફાયો કરવો, NRC લાગુ કરવા માટે કટિબદ્ધ રહેવું, UCC લાગુ કરવા માટે દ્રઢ આગ્રહ રાખવો, આ અને આની સાથે અનેક દેશહિતના કાર્યો તો જ શક્ય બનશે.જો બીજેપીને સ્પષ્ટ બહુમતી મળશે.. અને ગુજરાતી તરીકે આપણી તો ફરજ છે કે બે ગુજરાતના સિંહોને દેશહિત માટે મોકળું મેદાન આપીએ.

આપણા દેશના વડાપ્રધાનનું ભાવિ વિઝન આપણા દેશને વિશ્વ મહાસત્તા બનવાનું છે. અને તેમના એ વિઝનના શિલ્પકાર અમિત શાહ છે, આવો નાગરિક તરીકે આપણે દેશહિતના આ મહાયજ્ઞમાં આપણા વોટની એક નાનકડી આહુતિ આપીએ અને દેશના ઉજ્જવળ ભાવિની આપણે સૌ પ્રાર્થના કરીએ...

# સાત ફેરા વિના હિંદુ લગ્ન માન્ય નહી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, સુપ્રીમ કોર્ટે હિંદુ લગ્નને લઈને મહત્વનો નિર્ણય આપ્યો છે. આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હિંદુ લગ્ન એ એક સંસ્કાર છે અને તે "ગીત-નૃત્ય", "વાઇનિંગ- ડાયનિંગ"નું આયોજન નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જરૂરી વિધિઓ કરવામાં આવી ન હોય તો હિંદુ લગ્ન અમાન્ય છે અને નોંધણી આવા લગ્નને માન્ય ગણી શકતી નથી. સુપ્રીમ કોર્ટે એક નિર્ણયમાં હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫ હેઠળ હિંદુ લગ્નની કાનૂની જરૂરિયાતો અને પવિત્રતાને સ્પષ્ટ કરી છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિંદુ લગ્નને માન્ય રાખવા માટે તે સપ્તપદી (પવિત્ર અગ્નિની સાક્ષીએ સાત ફેરા ફરવા) જેવા યોગ્ય સંસ્કારો અને વિધિઓ સાથે કરવામાં આવે છે અને વિવાદોના કિસ્સામાં આ સમારોહના પુરાવા પણ મળે છે. જસ્ટિસ બી. નાગરત્નાએ પોતાના ચુકાદામાં કહ્યું કે, હિંદુ લગ્ન એક સંસ્કાર છે, જેને ભારતીય સમાજમાં એક મહાન મૂલ્યની સંસ્થા તરીકેનો દરજ્જો મળવો જોઈએ. તેમણે કહ્યું, લગ્ન એ 'ગીત અને નૃત્ય' અને 'દારૂ પીવા' અને 'જમવાનું'નું આયોજન નથી અથવા અનુચિત દબાણ દ્વારા દહેજ અને ભેટોની માંગણી કરવી અને લેવડદેવડ કરવાનો પ્રસંગ નથી. જે બાદ કોઈપણ સંજોગોમાં ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાય છે. લગ્ન એ કોઈ વ્યાપારી લેવડદેવડ નથી, તે ભારતીય સમાજની એક મહત્વપૂર્ણ આયોજન છે જે એક પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધને સ્થાપિત કરવા માટે ઉજવવામાં આવે છે, જે ભવિષ્યમાં વધતા પરિવાર માટે પતિ-પત્નીનો દરજ્જો પ્રાપ્ત કરશે. બેન્ચે કહ્યું કે હિંદુ મેરેજ એક્ટની કલમ ૮ હેઠળ લગ્નનું રજિસ્ટ્રેશન જરૂરી છે અને આ એ વાતનો પુરાવો છે કે લગ્ન કલમ ૭ હેઠળ હિંદુ રીતિ-રિવાજો અનુસાર થયા છે. કલમ ૫ જણાવે છે કે સેક્શન ૭ ની જોગવાઈઓ અનુસાર લગ્ન રિવાજો અને ધાર્મિક વિધિઓ અનુસાર થવા જોઈએ. જો કોઈ લગ્નમાં તેની ગેરહાજરી જોવા મળે તો આવા લગ્નને કાયદાની દ્રષ્ટિએ હિન્દુ લગ્ન ગણવામાં આવશે નહીં.

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪,
મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## આટલા પ્રશ્નોનું નિકાલ આવી જાય તો રિડેવલપમેન્ટની ગાડી બુલેટ ટ્રેનની સ્પીડ પકડશે

# હાઉસીંગ વસાહતોના રિડેવલપમેન્ટને લઈને મુખ્ય પડતર પ્રશ્નો..!!

### હાઉસીંગ પોલીસીમાં જો મહત્તમ ૪૦ ટકાની બદલે જો લઘુત્તમ ૪૦ ટકા કરવામાં આવે અને હાઉસીંગ રહીશોને ગીફ્ટ મની કે ફર્નીચર લેખે ચોક્કસ રકમ આપવામાં આવે તેવી મોટાભાગની સોસાયટીઓમાં માંગણીઓ

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : મિર્ચી ન્યૂઝ દ્વારા આ અગાઉ પણ નારણપુરા, સોલા અને નવા વાડજની હાઉસીંગ વસાહતોના રિડેવલપમેન્ટને લઈને અનેક રિપોર્ટ દ્વારા લોકો સુધી વાસ્તવિક પરિસ્થતિ અને હાઉસીંગ રહીશોના વિવિધ પ્રશ્નોને તંત્ર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે ફરી એક વાર પોતાની સામાજીક જવાબદારી સમજી ઉપરોક્ત હાઉસીંગ વસાહતોની વાસ્તવિક પરિસ્થિતિ અને રહીશોની કફોડી હાલત માટે કોણ જવાબદાર વિશે ખાસ અહેવાલ લઈને આવ્યા છે.

આજની પરિસ્થિતિ જોતા નવા વાડજની હાઉસીંગ વસાહતોમાં મોટાભાગની વસાહતો ૨૮ થી ૪૦ વર્ષ જુની છે.સરકારની રિડેવલપમેન્ટ સ્કીમ હેઠળ ૨૫ વર્ષ જુની વસાહતોનું રિડેવલપમેન્ટ થઈ શકે એમ છે, છતાં હાઉસીંગ બોર્ડના મોટાભાગના મકાનો જર્જરીત અને ખખડધજ હાલતમાં હોવા છતાં અત્યાર સુધીમાં ચાર-પાંચ હાઉસીંગ વસાહતોનું રિડેવલપમેન્ટનું કાર્ય પૂર્ણતાના આરે છે જયારે બાકીની ચાર-પાંચ સોસાયટીઓમાં રિડેવલમેન્ટનું કાર્ય પાઈપલાઈનમાં છે.હવે જો આ સ્પીડે રિડેવલપમેન્ટનું કાર્ય થતું રહેશે તો આગામી સમયમાં અમદાવાદમાં આવેલ ૧૦૦ થી વધુ હાઉસીંગ સોસાયટીઓમાં રિડેવલપમેન્ટનું કાર્ય કયારે શક્ય બનશે ?

વિગતવાર વાત કરીએ તો રિડેવલપમેન્ટમાં મુખ્ય પ્રશ્નોમાં વધારાના બાંધકામ, દસ્તાવેજ અને ગીફ્ટ મનીનો છે. જેમાં તાજેતરમાં સરકાર દ્વારા સ્પેશ્યલ પેકેજ દ્વારા વધારાના બાંધકામ માટે પેનલ્ટી અને દસ્તાવેજ માટે વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ લાવતા હાઉસીંગ રહીશો માટે આર્શિવાદ સાબિત થશે.

આ ઉપરાંત રિડેવલપમેન્ટમાં સૌથી મોટો પ્રશ્ન ગણીએ તો વધારાના બાંધકામનો છે, તમને જણાવી દઈએ કે મોટાભાગની સોસાયટીઓમાં વધારાના બાંધકામ થઈ ચુકયા છે, જેને કારણે મોટાભાગના લોકો હાઉસીંગ પોલીસી મુજબ મુળ બાંધકામના ૪૦ ટકા વધુ સાથે સંમત ન હોવાનું જણાવી રહ્યા છે.કારણ કે મોટાભાગના લોકો વધારાના બાંધકામ સાથે ૧૦૦ વાર જેટલું બાંધકામ ભોગવી રહ્યાં છે.જયારે રિડેવલપમેન્ટ બાદ તેઓનું બાંધકામ નાનું થઈ જાય છે.જેથી હાઉસીંગ પોલીસીમાં જો મહત્તમ ૪૦ ટકાની બદલે જો લઘુત્તમ ૪૦ ટકા કરવામાં આવે તો મોટા સમુહનો પ્રશ્ન હલ થઈ શકે એમ છે.અને મોટી સંખ્યામાં હાઉસીંગ વસાહતો રિડેવલપમેન્ટમાં જોડાઈ શકે તેમ છે.

આ ઉપરાંત રિડેવલમેન્ટમાં બિલ્ડર દ્વારા ગીફ્ટ મનીનો મુદ્દો હાલ ચર્ચામાં છે, સરકારની હાઉસીંગ પોલીસીમાં ગીફ્ટ મનીનો કોઈ ઉલ્લેખ નથી, છતાં પણ કેટલીક જગ્યાએ બિલ્ડર અને રહીશોમાં અંદરખાને સમજૂતી મુજબ ગીફ્ટ મની પણ ઓફર કરાયા છે, તો કયાંક ગીફ્ટ મની આપવામાં આવેલ છે ત્યારે જો રહીશોને ગીફ્ટ મની કે ફર્નીચર લેખે ચોક્કસ રકમ આપવામાં આવે તેવી કેટલીક જગ્યાએ માંગણીઓ પણ ઉઠી છે.

# નવા વાડજમાં શિવમ એપાર્ટમેન્ટના એક ફ્લેટની છતનો મોટો હિસ્સો ધરાશયી, રહીશોમાં ફફડાટ

અમદાવાદ : અમદાવાદમાં હાઉસીંગ બોર્ડના અનેક ફ્લેટ ટાઈપ મકાનો જર્જરિત થયા છે અને તેમાં કોઈ રિપેરિંગ કામકાજ થતું નથી તેનો વધુ એક પુરાવો હાઉસીંગ બોર્ડના ફ્લેટની છતનો મોટો હિસ્સો ધરાશયી થયો હતો તેના પરથી જાણી શકાય છે. નવા વાડજમાં અખબારનગર સર્કલ પાસે આવેલા હાઉસીંગ બોર્ડના ફ્લેટની છતનો મોટો હિસ્સો ધરાશયી થયો હતો. તેના પગલે ફ્લેટમાં નાસભાગ મચી ગઈ હતી અને મોટો હોબાળો થયો હતો, પરંતુ સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી.પતિ-પત્નીને સામાન્ય ઈજાઓ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં હાઉસીંગ બોર્ડના શિવમ એપાર્ટમેટમાં ત્રીજા માળે આવેલ બ્લોક નં-૩૫માં બુધવાર બપોરના સમયે મેઈન રૂમમાં પરિવારજનો આરામ કરતા હતા.ત્યારે છતનો મોટો હિસ્સો ધડામ દઈ અવાજ સાથે ધરાશયી થયો હતો, તેના પગલે લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને મોટો હોબાળો થયો હતો, મકાન માલિક ભીખાભાઈ મેઘાણીએ મિર્ચી ન્યૂઝ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હુ અને મારી પત્ની મકાનમાં આગળના રૂમમાં જ હતા. પરંતુ છતનો હિસ્સો સાઈડમાં ધરાશયી થવાને કારણે અને નીચે કોઈ હાજર ન હોવાને કારણે અમને સામાન્ય ઈજાઓ થયેલ છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર શિવમ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળના તમામ ફ્લેટની હાલત જર્જરિત છે. અહીં લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.ગમે ત્યારે કોઈ દૂર્ઘટના ઘટે પહેલા સોસાયટીમાં રિડેવલપમેન્ટ થવું જોઈએ. અહીં તમને જણાવી દઈએ કે શિવમ એપાર્ટમેન્ટમાં અનેક ફ્લેટો વર્ષો જુના છે અને જર્જરિત હાલતમાં છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ એક બનાવમાંથી શીખ નહી લે અને હાઉસીંગ બોર્ડના વર્ષો જૂના મકાનોનો સ્ટ્રકચરલ રિપોર્ટ નહીં કઢાવે તો ભવિષ્યમાં તે કોઈ મોટી હોનારતને આમંત્રણ આપશે તે સુનિશ્ચિત છે. ઘોડા છૂટી ગયા પછી તબેલાના તાળા મારવા જવાના બદલે કોર્પોરેશન પાણી પહેલા પાળ બાંધવાનું વલણ અપનાવે તો કમસેકમ બિનજરૂરી જાનહાનિ થતી અટકશે અને તેના કામની પણ બોલબાલા થશે. અમદાવાદ સહિત હાઉસિંગ બોર્ડના કેટલાય મકાનોની જર્જરિત સ્થિતિ છે અને કોર્પોરેશનનો મકાન વિભાગ આ મોરચે સક્રિય થાય તે જરૂરી છે.






## અમદાવાદમાં સ્પા સેન્ટરમાં દારુ સાથે બર્થ ડે પાર્ટી, માથા પર દારૂનો ગ્લાસ મૂકીને યુવતીઓએ કર્યો ડાન્સ

અમદાવાદઃ શહેરમાં યોજાયેલી એક ભવ્ય મહેફીલે ભારે ચર્ચા જગાડી છે. આ પાર્ટીની અંદરની તસવીરો અને વીડિયો વાયરલ થયા છે. જેમાં દારૂની છોળો ઉછળતી અને મહિલાઓ પણ જોવા મળી રહી છે. આ પાર્ટીના વીડિયો વાયરલ થયા બાદ પોલીસ એક્શનમાં આવી છે અને આ મામલે બે શખ્સોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ અમદાવાદના નરોડા વિસ્તારમાં ચાલતા એક સ્પા સેન્ટરમાં બર્થડે પાર્ટી યોજાઈ હતી. સ્પા સેન્ટરમાં બર્થડે પાર્ટીમાં દારૂની મહેફિલનો વીડિયો વાયરલ થયો છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા સ્પામાં થયેલી દારૂ પાર્ટીનો વીડિયો હોવાનું અનુમાન છે. આ વીડિયોમાં યુવક- યુવતીઓ એનિમલ ફિલ્મના જમાલ કુડુ ગીત પર ડાન્સ કરતા જોવા મળી રહ્યાં છે. દહેગામ સર્કલથી ટોલ ટેક્સ તરફ જવાના રસ્તામાં વિશાલા કોમ્પલેક્ષમાં આ દારૂ પાર્ટી યોજાઈ હતી.પાર્ટીમાં રૂપલલનાઓ પણ બોલાવવામાં આવી હતી અને દારૂ પણ પીરસવામાં આવ્યો હતો.બે યુવતી માથા પર દારૂનો ગ્લાસ મૂકીને એનિમલ ફિલ્મના સોંગ ઉપર ઠૂમકા લગાવી રહી છે. આ વીડિયો વાઈરલ થયા બાદ ખરેખર કયા સ્પાનો આ વીડિયો છે એ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અગાઉ અમદાવાદમાં સિંધુભવન રોડ પર બર્થ ડે પાર્ટી બાદ એક સ્પા ગર્લને માર મારવાનો વીડિયો સામે આવ્યો હતો. ત્યાર બાદ આ વીડિયો ખૂબ વાઈરલ થયો અને આ સંદર્ભે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

## ૨૦૨૫ના અંત સુધી મેટ્રોને એરપોર્ટ સાથે જોડી દેવાશે

# ઓલિમ્પિકની તૈયારીઓ શરૂ? એરપોર્ટમાં ૨૨ નવા ચેક ઈન કાઉન્ટર બનાવાશે




અમદાવાદ : સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લા ૨-૩ વર્ષમાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. તેને ધ્યાનમાં રાખી એરપોર્ટને સુવિધાથી વધારવામાં આવી રહી છે. મુસાફરોને સમયમાંથી રાહત મળે તે માટે એરપોર્ટના ટર્મિનલ-૨ પર માર્ચ ૨૦૨૫માં ૪ નવા એરોબિજ કાર્યરત થવાની જાહેરાત કરી છે.પીકઅવર્સમાં અને ફેસ્ટિવલ સિઝનમાં ચેકઈન કાઉન્ટર ઓછા હોવાથી મુસાફરોને હાલાકી ભોગવવી પડતી હતી. આથી એરપોર્ટ સંચાલકો દ્વારા ૨૨ નવા ચેકઈન કાઉન્ટર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ એરપોર્ટ ખાતે ટર્મિનલ ૨ પર ડોમેસ્ટિકથી ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ડેસ્ક પણ તૈયાર કરવામાં આવ્યું છે. વિવિધ સુવિધાઓ અને એરોબ્રિજમાં પણ વધારો થતાં આગામી સમયમાં ફ્લાઇટની સંખ્યા વધશે. ફ્લાઇટોની સંખ્યા વધવાથી ભાડાં પણ ઘટી શકે છે જેથી પેસેન્જરોને ફાયદો મળશે. તો બીજી તરફ ટર્મિનલ-૨નું એક્સટેન્શન થઈ રહ્યું છે. જેનાથી આ ટર્મિનલ પરથી ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક પેસેન્જરો કનેક્ટિંગ ફ્લાઇટ સહેલાઈથી પકડી શકશે. હવે આ ટર્મિનલ પરથી ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિકની ફ્લાઈટો ઓપરેટ થશે. આ ટર્મિનલ પર હવે ગુજરાતની હસ્તકલા, સ્થાપત્ય અને વારસાનો અનુભવ થશે. તેમજ દાંડીયાત્રા અને દેશના સ્વતંત્રતામાં ગુજરાતના યોગદાનની ઝાંખી પણ ઊભી કરાશે.

### અમદાવાદ એરપોર્ટના ટર્મિનલ-૨માં આ સુવિધામાં વધારો કરાશે

- ચેકિંગ કાઉન્ટર અત્યારે ૩૪ છે, જેમાં વધુ ૨૨ કાઉન્ટરનો સમાવેશ આવનારા દિવસોમાં થતાં કુલ ૫૬ ચેકિંગ કાઉન્ટર થશે.
- સિક્યોરિટી એરિયામાં ૪ એક્સ-રે મશીન હતા જે હવે ૧૪ થઈ ગયા છે.
- પહેલાં બે બસ બોર્ડિંગ ગેટ હતા, જે વધીને આવનારા દિવસોમાં ૮ થશે.
- અરાઈવલમાં ૪ લગેજ બેલ્ટ હતા, જે વધીને હવે ૬ લગેજ બેલ્ટ થયા છે.
- અરાઈવલમાં ઈન્ટરનેશનલ કનેક્ટિંગ ફ્લાઇટના પેસેન્જર માટે ઈન્ટરનેશનલ ટુ ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ફેસિલિટી ઉભી કરવામાં આવી છે.
- ડિપાર્ચરમાં પહેલા ૧૪ ઈમિગ્રેશન કાઉન્ટર હતા, હવે વધીને ૧૯ કરાયા છે. જ્યારે અરાઈવલમાં ૧૬ ઈમિગ્રેશન કાઉન્ટરથી વધી ૨૪ થયા છે.
- આ સાથે ટર્મિનલ પર મેટલ ડિટેક્ટરમાં વધારો કરાયો છે, ૨૦ મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા ઊભી કરાવામાં આવી છે.


**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

## કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૯ રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હી, લોકસભા ચૂંટણી ૨૦૨૪ વચ્ચે એલપીજી સિલિન્ડરના ગ્રાહકોને થોડી રાહત મળી છે. એલપીજી સિલિન્ડરના ભાવ ૧૯ રૂપિયા બુધવારે ઘટી ગયા છે. એલપીજીના રેટમાં ઘટાડો ફક્ત કોમર્શિયલ સિલિન્ડરમાં થયો છે. ઘરેલુ સિલિન્ડરના ભાવમાં આ મહિને કોઈ ફેરફાર થયો નથી. આઈઓસીના અનુસાર દિલ્હીમાં ૧૯ કિલોવાળા ઈન્ડેનના એલપીજી સિલિન્ડર એક મહિના એટલે કે આજથી ૧૭૬૪.૫૦ રૂપિયાની જગ્યાએ ૧૭૪૫.૫૦ રૂપિયામાં મળશે. માર્ચ ૧૭૯૫ રૂપિયા મળી રહ્યું છે. મુંબઈમાં હવે આ૧૭૧૭.૫૦ રૂપિયાના બદલે ૧૬૯૮.૫૦ રૂપિયામાં મળશે. ચેન્નાઈમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ૧૯૩૦.૦૦ રૂપિયાના બદલે ૧૯૧૧ રૂપિયામાં ઉપલબ્ધ થશે, આગરાથી અગરતલા અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં આજે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. લખનમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૪૦.૫ રૂપિયામાં મળશે. રાજસ્થાનના જયપુરમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૦૬.૫૦ રૂપિયા છે, ગુરુગ્રામમાં ઘરેલુ સિલિન્ડરની કિંમત ૮૧૧.૫૦ રૂપિયા પર સ્થિર છે. પંજાબના લુધિયાણામાં ઘરેલુ સિલિન્ડરનો ભાવ ૮૨૯ રૂપિયા છે. બિહારના પટનામાં ઘરેલું સિલિન્ડર તેના જૂના ૯૦૧ રૂપિયાના દરે મળશે.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.